"ધી પ્રોહિબીશન ઓફ એમ્પ્લોયમેન્ટ એઝ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ધેર રીહેબીલીટેશન એકટ તથા તે હેઠળ બનેલા નિયમો-૨૦૧૩" અન્વયે જીલ્લા/તાલુકા કક્ષાની (શહેરી વિસ્તારો માટે) તકેદારી સમિતિની રચના, તેના કાર્યો, ફરજો અને સત્તા બાબત.

ગુજરાત સરકાર,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક : SCW-૧૦૧૫- ૫૬૨૧૫૦ -ગ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧-૩-૨૦૧૬.

વંચાણે લીધા :

(૧) ધી પ્રોહિબીશન ઓફ એમ્પ્લોયમેન્ટ એઝ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ધેર રીહેબીલીટેશન એકટ, ૨૦૧૩ તથા ધી પ્રોહિબીશન ઓફ એમ્પ્લોયમેન્ટ એઝ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ધેર રીહેબીલીટેશન રૂલ્સ, ૨૦૧૩.

(૨) મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષપદે મળેલ તા. ૦૩/૦૨/૨૦૧૪ તેમજ તા. ૧૮/૦૫/૨૦૧૫ ની સમીક્ષા બેઠકની કાર્યવાહી નોંધ.

(૩) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમનો તા.૧-૭-૨૦૧૫ નો પત્ર ક્રમાંકઃ ગુસકાવિનિ / યોજના/૨૦૧૫-૧૬/૨૭૯૩.

(૪) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમનો તા.૧૭-૨-૨૦૧૬ નો પત્ર ક્રમાંકઃ મસક-૧૦૨૦૧૬-૩૨૪૭પ્રો(૫)-૨૨૦૨૬.

ઠ રા વ :

સને ૨૦૧૧ ની વસ્તી ગણતરીમાં સમગ્ર દેશમાં ૬.૨૯ લાખ અસ્વચ્છ શૌચાલયો અને ગુજરાતમાં ૩૨,૬૯૦ અસ્વચ્છ શૌચાલયો હોવાનું જણાયેલ છે. આ બાબત ધ્યાને લઇ ભારત સરકાર દ્વારા મેન્યુઅલ સ્કેવેન્જર્સ એકટ-૧૯૯૩ ને રદ કરી મેન્યુઅલ સ્કેવેન્જર્સની પ્રથા જડમૂળમાંથી નાબૂદ કરવા વધુ અસરકારક જોગવાઇઓ સાથે વંચાણે લીધેલ (૧) માં દર્શાવેલ "ધી પ્રોહિબીશન ઓફ એમ્પ્લોયમેન્ટ એઝ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ધેર રીહેબીલીટેશન એકટ, ૨૦૧૩, તા. ૧૯/૦૯/૨૦૧૩ તથા ધી પ્રોહિબીશન ઓફ એમ્પ્લોયમેન્ટ એઝ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ધેર રીહેબીલીટેશન રૂલ્સ, ૨૦૧૩, તા. ૧૨/૧૨/૨૦૧૩" થી અમલી બનાવેલ છે. સદરહુ એકટના અસરકારક અમલીકરણ માટે જુદા જુદા વિભાગો/ખાતાઓના વડાઓની મુખ્ય સચિવશ્રીની

અધ્યક્ષતામાં તા. ૦૩/૦૨/૨૦૧૪ અને તા. ૧૮/૦૫/૨૦૧૫ ના રોજ યોજાયેલ સમીક્ષા બેઠકોમાં લેવામાં આવેલ નિર્ણયો અનુસાર રાજયમાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારો માટે જીલ્લા અને તાલુકા કક્ષાએ તકેદારી સમિતિની રચના કરવાનો નિર્ણય કરવામાં આવેલ છે. જે અન્વયે શહેરી વિસ્તારો માટે જીલ્લા/તાલુકા કક્ષાની નીચે મુજબની તકેદારી સમિતિની રચના કરવા આથી ઠરાવવામાં આવે છે.

(૧) <u>જીલ્લા કક્ષાની તકેદારી સમિતિ (શહેરી વિસ્તારો માટે) :-</u>

| | | |
|---|---|---|
| ૧ | કલેકટરશ્રી | અધ્યક્ષ (હોદ્દાની રૂએ) |
| ૨ | જિલ્લામાંથી રાજય વિધાનસભામાં ચૂંટાયેલ અનુસૂચિત જાતિના સભ્યશ્રીઓ જો જિલ્લામાંથી અનુસૂચિત જાતિના આવા સભ્ય ચૂંટાયેલ ન હોય તો બીજી જાતિના જિલ્લામાંથી ચૂંટાયેલ બે સભ્યોની નિમણૂંક કરી શકશે. | સભ્યશ્રી |
| ૩ | જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી | સભ્યશ્રી |
| ૪ | જિલ્લા વિકાસ અધિકારીશ્રી | સભ્યશ્રી |
| ૫ | અધિક્ષક પોલીસ કમિશ્નરશ્રી/ સંયુકત પોલીસ કમિશ્નરશ્રી | સભ્યશ્રી |
| ૬ | મેન્યુઅલ સ્કેવેન્જર્સના પ્રતિબંધ તથા પુન : વસન માટે કામગીરી કરનાર સામાજિક કાર્યકર-૪ કરતા વધુ નહીં જેમાં ૨-સભ્યો મહિલાઓ હશે અને તેઓની નિમણૂંક જિલ્લા કલેકટરશ્રી કરશે. | સભ્યશ્રી |
| ૭ | જીલ્લામાં આવેલ મહાનગરપાલિકાના નાયબ કમિશ્નરશ્રી | સભ્યશ્રી |
| ૮ | જીલ્લામાં આવેલ નગરપાલિકાના ચીફ ઓફિસરશ્રી | સભ્યશ્રી |
| ૯ | જીલ્લામાં આવેલ રેલ્વે ઓથોરીટીના નિયુકત પ્રતિનિધિ-૧ | સભ્યશ્રી |
| ૧૦ | જીલ્લામાં આવેલ નાણાંકીય અને ધીરાણ સંસ્થાઓમાં કામ કરનાર ૧-સભ્ય તેઓની નિમણૂંક કલેકટરશ્રી કરશે. | સભ્યશ્રી |
| ૧૧ | નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ (સંબંધિત જીલ્લાના) | સભ્યશ્રી સચિવ (હોદ્દાની રૂએ) |

(૨) <u>તાલુકા કક્ષાની તકેદારી સમિતિ (નગરપાલિકા વિસ્તાર માટે) :-</u>

| | | |
|---|---|---|
| ૧ | પ્રાંત અધિકારીશ્રી | અધ્યક્ષ (હોદ્દાની રૂએ) |
| ૨ | તાલુકા વિકાસ અધિકારીશ્રી | સભ્યશ્રી |
| ૩ | નાયબ જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી | સભ્યશ્રી |

| | | |
|---|---|---|
| ૪ | તાલુકાઓમાં આવેલ નગરપાલિકાના ચીફ ઓફિસરશ્રીઓ | સભ્યશ્રી |
| ૫ | તાલુકામાં આવેલ રેલ્વે ઓથોરીટીના નિયુકત પ્રતિનિધિ-૧ | સભ્યશ્રી |
| ૬ | મેન્યુઅલ સ્કેવેન્જર્સના પ્રતિબંધ તથા પુન : વસન કરવા માટે કામગીરી કરનાર સામાજિક કાર્યકર કે તાલુકામા રહેતા સ્કેવેન્જર્સ કોમ્યુનીટીનું પ્રતિનિધિત્વ કરનાર સભ્યશ્રી-૨ કરતાં વધુ નહીં જેમાં ૧-સભ્ય મહિલા હશે અને તેઓની નિમણૂંક જિલ્લા કલેકટરશ્રી કરશે | સભ્યશ્રી |
| ૭ | તાલુકામાં આવેલ નાણાંકીય અને ધીરાણ સસ્થાઓમાં કામગીરી કરનાર ૧-સભ્ય તેઓની નિમણૂંક પ્રાંત અધિકારીશ્રી કરશે. | સભ્યશ્રી |
| ૮ | મેન્યુઅલ સ્કેવેન્જર્સ એકટ-૨૦૧૩ ના અસરકારક અમલ માટે રાજય દ્વારા નિયુકત તાલુકા કક્ષાના અધિકારી કે એજન્સી જેની નિમણૂંક પ્રાંત અધિકારીશ્રીના અભિપ્રાય અનુસાર કરવામાં આવશે. | સભ્યશ્રી |
| ૯ | તાલુકા સમાજ કલ્યાણ નિરીક્ષક | સભ્ય સચિવ (હોદ્દાની રૂએ) |

ઉપરોકત જીલ્લા કક્ષાની તકેદારી સમિતિ તથા તાલુકા કક્ષાની તકેદારી સમિતિએ નીચે મુજબના કાર્યો/ફરજો બજાવવાના રહેશે :

<u>કાર્યો અને ફરજો :-</u>

(૧) જીલ્લા કક્ષાની સમિતિના કિસ્સામાં જીલ્લા કલેકટરશ્રીને અને તાલુકા કક્ષાની સમિતિના કિસ્સામાં પ્રાંત અધિકારીશ્રીને આ એકટ અને તે હેઠળના નિયમોના અમલીકરણ માટે જરૂરી સલાહ/સૂચનો કરવાના રહેશે.

(૨) જીલ્લા/તાલુકાના મેન્યુઅલ સ્કેવેન્જર્સના આર્થિક અને સામાજીક પુનઃવસન માટે એકટ/નિયમો મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

(3) જીલ્લા/તાલુકના મેન્યુઅલ સ્કેવેન્જર્સના પુનઃવસન માટે કાર્ય કરતી તમામ એજન્સીઓ/ વિભાગો/ઓફિસોના કાર્યોનું વ્યવસ્થિત સંકલન કરવાનું રહેશે.

(૪) મેન્યુઅલ સ્કેવેન્જર્સ એટક તથા નિયમો હેઠળના વિવિધ પ્રકારના ગુનાઓની નોંધણી તથા તેની તપાસ વિગેરેની કામગીરી કરશે. આ ઉપરાંત આ એકટ અને તે હેઠળના નિયમોમાં પણ પ્રતિબંધિત પ્રવૃત્તિ ન થાય તે માટે દેખરેખ રાખવાની રહેશે.

(૫) ઇનસેનેટરી લેટ્રીન્સના સર્વેને લગતી તમામ પ્રકારની કામગીરીનું મોનીટરીંગ કરશે. નિર્મળ ભારત અભિયાન જેવી યોજનાઓની મદદથી બાકી ટોઇલેટ બાંધકામની કામગીરી, તેને લગતા પ્રચાર/પ્રસાર તથા લોકસૂચનો મેળવી અસરકારક અમલીકરણની કામગીરી કરવાની રહેશે.

(૬) મેન્યુઅલ સ્કેવેન્જર્સને અન્ય બીજા લાભદાયી વ્યવસાયોમાં પુનઃવસન માટેની યોજનાઓમાં સમાવેશ કરવા અંગેની કાર્યવાહી અને તેના અસરકારક અમલ થાય તે અંગે દખેરેખ રાખવાની રહેશે.

(૭) જીલ્લા/તાલુકાઓમાં આવેલ મેન્યુઅલ સ્કેવેન્જર્સના પુનઃવસનને લગતી કામગીરી કરનાર સ્વૈચ્છિક સંસ્થાઓ (એન.જી.ઓ.) ની મદદથી અવરનેસ કેમ્પેઇનનું (જનજાગૃતિ માટેની ઝુંબેશ) નું આયોજન કરવાનું રહેશે.

(૮) મેન્યુઅલ સ્કેવેન્જર્સની કાર્યશૈલી તેમજ જીવનધોરણ ઉચ્ચતર બને તથા તેમાં સુધારો આવે તે માટે તાલીમ કાર્યક્રમોનું નિરીક્ષણ કરવાનું કાર્ય તથા તે માટેના અસરકારક પગલાં લેવાના રહેશે.

(૯) જીલ્લા કક્ષાની સમિતિએ પ્રતિ બે માસે ઓછામાં ઓછું એક વખત મળીને અને તાલુકા કક્ષાની સમિતિએ પ્રતિ માસ ઓછામાં ઓછું એક વખત મળીને આ એકટ તથા તે હેઠળના નિયમો મુજબની કામગીરી અસરકારક રીતે થાય છે કે કેમ તે અંગેની સમીક્ષા કરવાની રહેશે.

(૧૦) સરકારશ્રી ધ્વારા ઉપરોકત જણાવેલ એકટ અને તે હેઠળ બનાવવામાં આવેલ નિયમોના અનુસંધાને જે પણ અન્ય કામગીરી સોંપવામાં આવે તે તમામ પ્રકારની કામગીરી કરવાની રહેશે.

આ ઠરાવ વિભાગના સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા.૧૬-૧૨-૨૦૧૫ ની નોંધથી મળેલ અનુમતીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( કમલેશ શાહ )
નાયબ સચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.કા.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, પં.ગ્રા.ગૃ.નિ.અને ગ્રા. વિ., સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિકાસ કમિશ્નરશ્રી, વિકાસ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- અધિક પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ
- નિયામકશ્રી, નગરપાલિકાઓ, ગુજરાત રાજય, ગાંધીનગર. (નિગમ મારફત)
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજય, ગાંધીનગર.

- સી.ઇ.ઓ., મ્યુનિસીપલ ફાઇનાન્સ બોર્ડ, સેકટર-૧૦/એ, ગાંધીનગર
- મેનેજીંગ ડિરેકટરશ્રી, ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગર.
- સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ. (નિગમ મારફત)
- સર્વે તાલુકા અધિકારીશ્રીઓ. (નિગમ મારફત)
- સભ્ય સચિવશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી, કો.સેલ, વિભાગની વેબસાઇટ પર મૂકવા વિનંતી સહ.
- શાખા સિલેકટ ફાઇલ.